**ઓપરેશન ભાજપ પાર્ટ ટુ, રૂપાલા વિરુદ્ધની લડાઈ લડવા ક્ષત્રિયો મક્કમ**

# રાજકોટથી ક્ષત્રિયોના ધર્મરથનો થયો પ્રારંભ

**ધર્મરથ** ગામડે ગામડે ફરી ભાજપ વિરુદ્ધ મતદાન કરવા લોકોને આહવાન કરશે

ગાંધીનગરઃ ક્ષત્રિય સમાજ દ્વારા ઓપરેશન ભાજપ પાર્ટ- ટુ જાહેર કરાયા બાદ આજે રાજકોટના આશાપુરા માતા મંદિરેથી તેમજ કચ્છના માતાના મઢેથી ધર્મરથનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ક્ષત્રિય સમાજના લોકો મોટી સંખ્યામાં આ ધર્મરથમાં જોડાયા હતા. ધર્મરથ સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાતના જુદા જુદા ગામડાઓમાં ફરશે. ક્ષત્રિય સમાજ વિશે વિવાદિત નિવેદન કરનાર રૂપાલા સામે કાર્યવાહી કરવામાં આવે અને તેની ટિકિટ રદ કરવાની માગણી બુલંદ કરવામાં સાથે લોકોને ભાજપ વિરુદ્ધ મતદાન કરવા આહવાન કરશે.

### ક્રિકેટર રવિન્દ્ર જાડેજાના બહેન નયનાબા ક્ષત્રિય આંદોલનના સમર્થનમાં આગળ આવ્યા

પરસોતમ રૂપાલા દ્વારા કરાયેલા વિવાદિત નિવેદન બાદ ક્ષત્રિય સમાજમાં ભારે આક્રોશ ફેલાયો છે. તેવામાં એક પછી એક ક્ષત્રિય સમાજના આગેવાનો, મહિલાઓ આંદોલનના સમર્થનમાં આગળ આવી રહી છે. રાજ્યભરમાં ઠેર ઠેર શત્રિયાણીઓ પ્રતિક ઉપવાસ કરી રહી છે. તેવામાં ક્રિકેટર રવિન્દ્ર જાડેજાના બહેન નયનાબા ક્ષત્રિય આંદોલનના સમર્થનમાં આવ્યા છે. તેમણે રૂપાલાનો વિરોધ કરી ભાજપ વિરૂદ્ધ મતદાન કરવા લોકોને અપીલ કરી છે.

### 28મીએ બારડોલી અને 2જી મેના રોજ જામનગરમાં ક્ષત્રિય સંમેલન યોજાશે

પરસોતમ રૂપાલાના વિરોધમાં ક્ષત્રિય સમાજ દ્વારા ઓપરેશન ભાજપ પાર્ટ- ટુ શરૂ કરવામાં આવ્યું છે. જેમાં આંદોલનને વેગવંતુ બનાવવા માટે જુદા જુદા કાર્યક્રમો ઘડી કાઢવામાં આવ્યા છે. આજે રાજકોટ, કચ્છ, સાબરકાંઠા સહિતના વિસ્તારોમાંથી ક્ષત્રિય સમાજ દ્વારા ધર્મરથને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ ધર્મરથ રાજ્યભરમાં ફરશે. આ ઉપરાંત આંદોલનને વધુ વેગવંતુ બનાવવા માટે ક્ષત્રિય સંકલન સમિતિ દ્વારા આગામી 28મી એપ્રિલના રોજ બારડોલી ખાતે, જ્યારે 2જી મેના રોજ જામનગર ખાતે મહાસંમેલન બોલાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સંમેલનમાં 50,000 થી વધુ લોકો એકત્ર થાય તે માટેની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

# ભાજપ વિરુદ્ધ મતદાન માટે ક્ષત્રિયોના કેસરિયા, સુરેન્દ્રનગરમાં ક્ષત્રિયોએ ભાજપ કાર્યાલયને ખાલી કરાવ્યું

**ક્ષત્રિયો** સાથેનો વિવાદ ભાજપને ભારે પડી શકે છે

ગાંધીનગરઃ રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરસોત્તમ રૂપાલા દ્વારા ક્ષત્રિય સમાજ અંગે કરાયેલા વિવાદિત નિવેદન બાદ સમગ્ર રાજ્યભરમાં રૂપાલા સામે ક્ષત્રિય સમાજનો રોષ ફાટી નીકળ્યો છે. ક્ષત્રિય સમાજ હવે રૂપાલાના વિરોધની સાથે ભાજપના વિરોધ પર પણ ઉતરી પડ્યા છે. સુરેન્દ્રનગરમાં ક્ષત્રિય સમાજની વાડીમાં ભાજપ દ્વારા લોકસભા મધ્યસ્થ ચૂંટણી કાર્યાલય શરૂ કરવામાં આવ્યું હતું, પરંતુ ક્ષત્રિય યુવકોએ ભાજપના આ મધ્યસ્થ ચુંટણી કાર્યાલયને ખાલી કરાવી નાખ્યું છે. ક્ષત્રિય યુવક દ્વારા ભાજપ કાર્યાલય બંધ કરાવતા ભાજપમાં સોંપો પડી ગયો છે, અને ભાજપની ચિંતામાં વધારો થયો છે. સુરેન્દ્રનગરમાં ગઈકાલે ક્ષત્રિય સમાજની વાડીમાં ભાજપ દ્વારા મધ્યસ્થ ચૂંટણી કાર્યાલય ખોલવામાં આવતા ક્ષત્રિય સમાજના યુવાનોએ 24 કલાકમાં આ કાર્યાલય ખાલી કરી નાખવાનું અલ્ટીમેટમ આપ્યું હતું. સાથે જ ક્ષત્રિય યુવકોએ કહ્યું હતું કે જો આ કાર્યાલય ખાલી નહીં કરાય તો રાજ્યભરમાં ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવશે. જેના પગલે ક્ષત્રિય સમાજના યુવકોએ આપેલું અલ્ટીમેટમ પૂર્ણ થાય તે પહેલા જ ભાજપે ક્ષત્રિય સમાજની જગ્યામાં ખોલેલું મધ્યસ્થ ચૂંટણી કાર્યાલય બંધ કરી, આ કાર્યાલયને અન્ય સ્થળે લઈ ગયા હતા. આમ ક્ષત્રિય સમાજના વિરોધને જોતાં ભાજપમાં મુશ્કેલીઓ વધી છે. આગામી દિવસોમાં ક્ષત્રિય સમાજ ભાજપને વધુ નુકસાન ન પહોંચાડે તે માટે ભાજપ ક્ષત્રિય સમાજ સાથે લડાયક મૂડમાં દેખાતું નથી. અને સમાધાન માટે હજુ પણ ભાજપ તૈયાર હોવાનો બતાવી રહ્યું છે. જોકે બીજી તરફ ક્ષત્રિય સમાજ રૂપાલાની ટિકિટ રદ ન થાય ત્યાં સુધી કોઈપણ સંજોગોમાં સમાધાન કરવાના મૂડમાં નથી.

### 27 એપ્રિલથી 2જી મે સુધીમાં રાજ્યમાં ચાર સ્થળો ઉપર ક્ષત્રિય મહાસંમેલનના આયોજન

ગાંધીનગરઃ ઓપરેશન ભાજપ પાર્ટ- ટુ હેઠળ ક્ષત્રિય સમાજ દ્વારા જુદા જુદા આંદોલનાત્મક કાર્યક્રમો ઘડી કાઢવામાં આવ્યા છે. જેમાં આગામી દિવસોમાં રાજ્યમાં જુદા જુદા સ્થળો ઉપર ક્ષત્રિય સમાજના ચાર મહાસંમેલનો યોજવાનું આયોજન છે.

ક્ષત્રિય સંકલન સમિતિના પ્રવક્તા કરણસિંહને જણાવ્યું હતું કે ઓપરેશન ભાજપ પાર્ટ- ટુ આંદોલનને વધુ ઉગ્ર બનાવવા માટે ક્ષત્રિય સમાજ દ્વારા રણનીતિ તૈયાર કરવામાં આવી છે.

જેના ભાગરૂપે તા. 27મી એપ્રિલના રોજ વિસનગર ખાતે, 28મી એપ્રિલના રોજ દક્ષિણ ગુજરાતનું મહા સંમેલન બારડોલી ખાતે, 1લી મે ગુજરાત સ્થાપના દિવસને અસ્મિતા દિવસની ઉજવણી સાથે આણંદમાં અને 2જી મેના રોજ જામનગરમાં ક્ષત્રિય સમાજનું મહાસંમેલન યોજાશે. આ મહાસંમેલનની તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ સંમેલનમાં 25,000 થી વધુ ક્ષત્રિયો ઉમટી પડશે.

# રૂપાલા વિવાદઃ હર્ષ સંઘવીનું ડેમેજ કંટ્રોલ યથાવત, સાબરકાંઠા અને આણંદ જિલ્લાની મુલાકાત લીધી

ગાંધીનગરઃ લોકસભાની ચૂંટણીમાં ક્ષત્રિય સમાજ નારાજ થયો છે ત્યારે ભાજપના ક્ષત્રિય સમાજના આગેવાનોને મેદાનમાં ઉતારીને નારાજ થયેલા ક્ષત્રિય સમાજના આગેવાનોને સમજાવીને હવે તેમને પીએમ નરેન્દ્ર મોદીના હાથ મજબૂત કરવા , સહયોગ આપવા મતદાન કરવા અપીલ કરાઈ છે. આ સમજાવટના પ્રયાસો કરવા માટે છેલ્લા ચારેક દિવસથી ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી સતત જિલ્લાના પ્રવાસ કરી રહ્યાં છે. આજે હર્ષ સંઘવી તથા પ્રદેશ ભાજપના સંગઠન મહામંત્રી રત્નાકર દ્વારા સાબરકાંઠા તથા આણંદ જિલ્લાની મુલાકાત લઈને ભાજપના ક્ષત્રિય સમાજના આગેવાનો સાથે મહત્વની બેઠક યોજી હતી.

# ઈન્ડિયન મેડિકલ એસોસિયેશનનો કેસ ડોક્ટરો માટે બૂમરેંગ સાબિત થઈ રહ્યો છે



પતંજલિ સામેનો ઇન્ડિયન મેડિકલ એસોસિયેશન (IMA) કોર્ટનો કેસ પરંપરાગત ચિકિત્સાપદ્ધતિના પ્રેમી માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યો છે. જો બાબા રામદેવના કેસનો બહુ પ્રચાર ન થયો હોત તો સારું હતું; પણ IMAએ તેને એક મોટી ઘટના બનાવી અને તે આયુર્વેદની પણ વિરુદ્ધ ગઈ. જો બાબા રામદેવ એલોપેથી અને રસીકરણ વિરુદ્ધ બોલવાનું ચાલુ રાખશે તો નામદાર જજે તેમને ફાડી નાંખવાની ધમકી આપીને કંઈક અતિરેક કર્યો છે. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોએ આ ભાષા પર નારાજગી વ્યક્ત કરી છે અને જજની ટીકા કરી છે. તેની વિરુદ્ધમાં વકીલોએ કેસ પણ દાખલ કર્યો છે. બૌદ્ધિકો ભેગા થયા છે અને ચર્ચા કરી રહ્યા છે કે શું આયુર્વેદને આ રીતે બદનામ કરી શકાય? હિંદુત્વ બ્રિગેડ પણ હવે આ લડાઈમાં જોડાઈ ગઈ છે.

ન્યાયાધીશે બાબા રામદેવને સલાહ આપતાં કહ્યું છે કે લોકો તેમની સારવારની પસંદગીને અનુસરવા માટે સ્વતંત્ર છે. જ્યારે લોકોને એલોપેથિક દવાઓ અને રસી લેવાની ફરજ પાડવામાં આવે ત્યારે તે ચુકાદાનો ઉપયોગ કરવામાં આવશે. સુપ્રીમ કોર્ટના ચુકાદાને કારણે કોઈ પણ સારવારની પદ્ધતિની સખત નિંદા હવે કરી શકાશે નહીં. કોઈ પણ દવાનિર્માતાની ભ્રામક જાહેરાતો અથવા દવાઓનાં જૂઠાં સમર્થન હવે બિલોરી કાચ હેઠળ આવશે. હવે ડોકટરો, સરકારી અધિકારીઓ અને જાણીતી હસ્તિઓ પ્રસાર માધ્યમોનો ઉપયોગ કરીને કોઈ પણ શંકાસ્પદ ઉત્પાદનોની ભલામણ કરશે ત્યારે જનતા ચોક્કસપણે તેનો વિરોધ કરશે. દાખલા તરીકે બિગ બી દ્વારા દાદરની રસી માટે પ્રચાર કરવા અંગે પહેલેથી જ વિરોધ થઈ રહ્યો છે અને કોવિડ રસી સલામત અને અસરકારક હોવાનું જણાવતી IMA પ્રમુખની સોશ્યલ મિડિયા પોસ્ટની ટીકા થઈ રહી છે. સુપ્રીમ કોર્ટને IMA વિશે ઘણી ફરિયાદો મળી છે. બાબા રામદેવ ઉપરાંત IMA પણ હવે બધાના રડાર પર છે. બિગ ફાર્માના હિતોને પ્રોત્સાહન આપવું હવે મુશ્કેલ બનશે. FMCG સેક્ટર જે શંકાસ્પદ પ્રોડક્ટોનું વેચાણ કરીને કમાણી કરી રહ્યું છે તેને હવે જવાબદાર ગણવામાં આવશે.

**ટુ ધ પોઇન્ટ ■ સમકિત શાહ**

બાબા રામદેવનો વિરોધ કરી રહેલા ડોકટરો પણ હવે અફસોસ કરી રહ્યા છે કે તેમણે વિવાદનો મધપૂડો છેડવાની જરૂર નહોતી. બાબા રામદેવનો વિવાદ ડોક્ટરો માટે બૂમરેંગ સાબિત થઈ રહ્યો છે, કારણ કે તેમણે રામદેવ પર જે આરોપો મૂક્યા છે, તે તેમને પણ લાગુ પડે છે. ડોક્ટરો એ વાતથી ખુશ ન હતા કે જ્યારે તેમનો વ્યવસાય કોવિડ પછી આલોચનાનો સામનો કરી રહ્યો છે ત્યારે બાબા રામદેવ પરનો હુમલો સમયસરનો નથી અને તે સંઘર્ષ તરફ દોરી જશે. ખરેખર એવું જ બન્યું છે. IMA હવે વિવાદનો મધપૂડો છંછેડવા બદલ ઘણા બધા ડોક્ટરોનો ઠપકો મેળવશે.

બાબા રામદેવ સાથે કડક હાથે કામ લીધા પછી સુપ્રીમ કોર્ટને પરિસ્થિતિમાંથી હલનચલન કરવું મુશ્કેલ બનશે; કારણ કે તેનાં નિવેદનોએ એવી જનતાની આશાઓ વધારી છે જે દાયકાઓથી તબીબી જગતનાં જૂઠાણાંનો ભોગ બનેલી છે અને જેને ન્યાય આપવામાં આવ્યો નથી. સોશ્યલ મિડિયાની ચર્ચાઓ અને ઇન્ટરવ્યુએ ઘણી બધી બાબતો જાહેર કરી છે, જે લોકોને તબીબી સામ્રાજ્ય વિશે શિક્ષિત કરશે અને આ શિક્ષણ અને જાગરૂકતા આપણા પર બીજો રોગચાળો ફાટી નીકળ્યા પછી ઉપયોગી સાબિત થશે. સુપ્રીમ કોર્ટ ખાનગી હોસ્પિટલો માટે સીજીએચએસના દરો નક્કી કરીને તેમની નફાખોરીનો ભોગ બનતાં દર્દીને રાહત માટે પણ વિચારી રહી છે.

ભ્રામક જાહેરાતોના મામલાની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે મંગળવારે એલોપેથીના ડોક્ટરો પર કડક વલણ દાખવ્યું હતું. ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA) ને ફટકાર લગાવતાં સુપ્રીમ કોર્ટે કહ્યું કે તે પતંજલિ તરફ આંગળી એક ચીંધી રહી છે ત્યારે ચાર આંગળીઓ તેના તરફ ઈશારો કરી રહી છે. ફાસ્ટ મૂવિંગ કન્ઝ્યુમર ગુડ્સ (FMCG) કંપનીઓ પણ એવી જાહેરાતો પ્રકાશિત કરી રહી છે જે લોકોને ગેરમાર્ગે દોરે છે. આ ખાસ કરીને શિશુઓ, શાળાએ જતાં બાળકો અને વરિષ્ઠ નાગરિકોના સ્વાસ્થ્ય પર પ્રતિકૂળ અસર કરી રહી છે. સુપ્રીમ કોર્ટે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોનાં લાયસન્સ સત્તાવાળાઓને આદેશ આપ્યો છે કે કેન્દ્રીય ગ્રાહક બાબતો અને માહિતી અને પ્રસારણ મંત્રાલયને આ કેસમાં પક્ષકાર બનાવવામાં આવે.

અરજદાર IMAને તેનું ઘર વ્યવસ્થિત બનાવવાની જરૂર હોવાનું નોંધીને બેન્ચે તેને કેસમાં પક્ષકાર તરીકે ઉમેરવાનો નિર્દેશ આપ્યો હતો. જસ્ટિસ હિમા કોહલી અને જસ્ટિસ અહસાનુદ્દીન અમાનુલ્લાહની બેન્ચે કહ્યું હતું કે તેને IMAના અનૈતિક આચરણ અંગે ઘણી ફરિયાદો છે. IMA એ કથિત અનૈતિક પ્રથાઓ અંગે પણ તેનું વલણ સુધારવાની જરૂર છે, જ્યાં દવાઓ સૂચવવામાં આવે છે જે મોંઘી અને બિનજરૂરી હોય છે. બેન્ચે સરકારને ત્રણ વર્ષમાં ભ્રામક જાહેરાતો પર કરવામાં આવેલી કાર્યવાહી અંગે એફિડેવિટ દાખલ કરવાનો નિર્દેશ પણ આપ્યો હતો.

હવે સુપ્રીમ કોર્ટે ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ એક્ટ અને ડ્રગ્સ એન્ડ મેજિક રેમેડીઝ (વાંધાજનક જાહેરાત) એક્ટ જેવા કાયદાના અમલીકરણ પર નજીકથી નજર રાખવાનું નક્કી કર્યું છે. સુપ્રીમ કોર્ટની ખંડપીઠે સ્પષ્ટ કર્યું હતું કે તપાસ માત્ર પતંજલિ આયુર્વેદ સામે આ કાયદાઓ કેટલી સારી રીતે લાગુ કરવામાં આવી હતી તેના સુધી મર્યાદિત રહેશે નહીં, પરંતુ અન્ય ફાસ્ટ મૂવિંગ કન્ઝ્યુમર ગુડ્સ (FMCG) દ્વારા બહાર પડાતી ભ્રામક જાહેરાતો સામેના અમલીકરણ પર પણ ધ્યાન આપશે. સુપ્રીમ કોર્ટની ખંડપીઠે કહ્યું કે અમે અહીં કોઈ ખાસ પક્ષ પર હુમલો કરવા આવ્યા નથી. આ કેસ ઉપભોક્તાના હિતમાં છે, કારણ કે તેમને ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યા છે.

નવા નિયમો અનુસાર કોઈ પ્રોડક્ટ અથવા સર્વિસની જાહેરાત તેના વિશે પૂરતી માહિતી અથવા અનુભવ પર આધારિત હોવી જોઈએ. આ નિયમો એવા સમયે લાગુ કરવામાં આવ્યા છે જ્યારે ઘણા લોકપ્રિય કલાકારો અને ખેલાડીઓ ઓનલાઈન ગેમિંગ અને રમી એપ્સ, તમાકુ અને દારૂ જેવાં ઉત્પાદનોની જાહેરાત કરી રહ્યા છે. જ્યારે મેગી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, ત્યારે એવી માગણી ઊઠી હતી કે તેની જાહેરાત કરનારા સેલિબ્રિટીઓ સામે પણ પગલાં લેવાં જોઈએ. બીજું ઉદાહરણ મહેન્દ્રસિંહ ધોનીની આમ્રપાલીની જાહેરાતોનું છે. ફ્લેટ ખરીદનારાઓના વિરોધ બાદ ધોનીને તેમાંથી પીછેહઠ કરવી પડી હતી. શાહરૂખ ખાનની ફેરનેસ ક્રીમની જાહેરાત પણ વિવાદોમાં રહી છે. તેવાં જ કારણોસર અમિતાભ બચ્ચનની કેન્ડીની જાહેરાત પણ બંધ કરવી પડી હતી. કોઈ પણ પ્રોડક્ટનું એન્ડોર્સમેન્ટ કરવા માટે આ સેલિબ્રિટીઓનો એક દિવસનો ચાર્જ આમિર ખાનનો રૂ. ૫-૭ કરોડ, ઐશ્વર્યા રાયનો રૂ. ૫-૬ કરોડ, શાહરૂખ ખાનનો રૂ. ૪ કરોડ સલમાન ખાનનો રૂ. ૪ કરોડ અને અમિતાભ બચ્ચનનો રૂ. ૨.૫ કરોડ જેટલો છે. નવા નિયમો અનુસાર, કન્ઝ્યુમર પ્રોટેક્શન ઓથોરિટી દ્વારા ભ્રામક જાહેરાતોને ટેકો આપનાર પર ૧૦ લાખ રૂપિયા સુધીનો દંડ થઈ શકે છે. સરકાર દ્વારા રચાયેલા નિયમોનું વારંવાર ઉલ્લંઘન કરવા પર ૫૦ લાખ રૂપિયા સુધીનો દંડ અને પાંચ વર્ષ સુધીની જેલની સજાની જોગવાઈ છે.

સારું થયું કે પતંજલિ આયુર્વેદની ભ્રામક જાહેરાતોના કેસની સુનાવણી કરતી વખતે સુપ્રીમ કોર્ટે બાબા રામદેવ અને તેમના સહયોગી બાલકૃષ્ણના વકીલને કેટલાક વધુ પ્રશ્નો પૂછ્યા, જ્યારે તેણે ઇન્ડિયન મેડિકલ એસોસિએશન એટલે કે IMAને પણ આવા ઘણા પ્રશ્નો પૂછ્યા, જેના ભાગ્યે જ સંતોષકારક જવાબ મળ્યા હતા.

મને ખબર નથી કે એલોપથી ડોક્ટરો બિનજરૂરી અને મોંઘી દવાઓ શા માટે લખે છે અને અમુક દવાઓની હિમાયત કરે છે. આ પ્રશ્નનો IMA શું જવાબ આપશે? એલોપેથી દવાના ક્ષેત્રમાં બધું બરાબર નથી એ વાત કોઈનાથી છૂપાયેલી નથી.

**કોઈ પણ સારવારની પદ્ધતિની સખત નિંદા હવે કરી શકાશે નહીં. કોઈ પણ દવા નિર્માતાની ભ્રામક જાહેરાતો અથવા દવાઓનાં જૂઠાં સમર્થન હવે બિલોરી કાચ હેઠળ આવશે**

## BUSINESS મિત્ર

**ડિફેન્સ શેરોમાં તોફાની તેજીઃ મેટલ શેરોમાં સુધારો રહ્યો**

# શેરબજારમાં સુધારાની ચાલ યથાવત રહી, બેન્ક નિફ્ટીએ 48000 પોઇન્ટની સપાટી કુદાવી

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 24:** ભારતીય શેરબજારમાં આજે પણ તેજી તરફી ચાલ જોવા મળી હતી, પરંતુ દરેક ઉછાળાની પાછળ રોકાણકારોની નફાવસુલી જોવા મળી રહી છે. બીજી તરફ, એફઆઈઆઈની સતત વેચવાલીના લીધે શેરબજારમાં ઉછાળો ટકી શક્તો નહોવાનું દેખાઇ રહ્યું છે. આજે વીકલી એકસપાયરી વચ્ચે બેન્ક નિફ્ટીમાં મજબૂતાઇ જોવા મળી હતી અને 48000 પોઈન્ટની સપાટી કુદાવી દીધી હતી. એવું માનવામાં આવી રહ્યું છે કે, આવતીકાલે વીકલી એકસપાયરી વચ્ચે શેરબજારમાં તેજી જળવાઇ રહેશે.

આજે બેન્ક-ફાઈનાન્સ, મેટલ અને ડિફેન્સ શેરોની સાથે બ્રોડર માર્કેટમાં પણ તેજી જોવા મળી હતી. જેમાં બીએસઇ મિડકેપ ઈન્ડેકસ 0.92 ટકા વધીને 40957 પોઇન્ટ અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.8 ટકા વધીને 46858.60 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. ટોપ ગેઈનર્સમાં મેટલ શેરોની આગેવાની જોવા મળી હતી, જ્યારે આઈટી, મીડિયા અને પીએસયુ બેન્ક શેરોમાં નરમાઇ રહી હતી.

**સેન્સેક્સ 115પોઈન્ટ અને નિફ્ટી 34 પોઈન્ટ સુધર્યા**

ભારતીય શેરબજારમાં સેન્સેક્સ 114.49 પોઇન્ટ એટલે કે 0.19 ટકા સુધરીને 73852.94 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 74000 પોઈન્ટની સપાટી કુદીને 74122 પોઇન્ટ સુધી ઉછળ્યા હતા, જ્યારે નીચામાં 73789 પોઈન્ટ સુધી ઘટયા હતા. નિફ્ટી 22400 પોઈન્ટની સપાટી ઉપર બંધ રહેવામાં સફળ રહી છે. જે 34.40 પોઈન્ટ એટલે કે 0.15 ટકા વધીને 22402.40 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 22476 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 22384 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટીમાં આજે વિકલી એકપસાયરી હોવા છતાં ઉછળ્યો હતો અને 48000 પોઈન્ટની સપાટી કુદાવી હતી. આજે બેન્ક નિફ્ટી 218.55 પોઈન્ટ એટલે કે 0.46 ટકા વધીને 48189 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે રાજેશ એક્સપોર્ટસમાં 5.23 ગણા, ડેટા પેટર્ન 4.52 ગણા, 360 વન વામમાં 4.49 ગણા, ચંબલ ફર્ટીલાઈઝરમાં 3.17 ગણા અને કેન ફિનહોમ્સમાં 3.08 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે ચંબલ ફર્ટીલાઈઝરમાં 11.41 ગણા, ચેન્નાઇ પેટ્રોલીયમમાં 11.05 ગણા, ફર્ટીલાઈઝર એન્ડ કેમિકલ્સમાં 10.51 ગણા, ફિનોલેક્સમાં 7.64 ગણા અને મેગ્લોર રિફાઈનરીમાં 7.46 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં સુધારાની ચાલ જોવા મળી હતી. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 0.92 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.79 ટકા વધ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહી હતી. બીએસઇ ખાતે 2257 શેરો વધ્યા હતા, જ્યારે 1560 શેરો ઘટયા હતા ને 112 શેરો યથાવત રહ્યા હતા.

આજે મેટલ શેરોમાં ફરીથી તેજીનો રંગ જામ્યો હતો. નિફ્ટી મેટલ ઈન્ડેક્સ 2.69 ટકા વધ્યા હતા. જેમાં સેઈલ, એનએમડીસી, રત્નમણિ મેટલ્સ, હિન્દાલ્કો, જેએસડબલ્યુ સ્ટીલ, તાતા સ્ટીલ, જિન્દાલ સ્ટીલ, નેલ્કો, વેલસ્પન કોર્પ અને હિન્દુસ્તાન કોપર વધ્યા હતા.

**એશિયન અને યુરોપિયન બજારોમાં સુધારો રહ્યો**

વૈશ્વિક સ્તરે વોલસ્ટ્રીટમાં તેજી રહેતા સતત બીજા દિવસે યુરોપિયન અને એશિયન બજારો પોઝિટિવ રહ્યા હતા. કોર્પોરેટ અર્નીંગની મજબૂત રહેવાના કારણે ઉંચા વ્યાજદરો અંગેની ચિંતાઓ દુર થઇ હોવાથી અમેરિકાના બજારો વધ્યા હતા, જેની સીધી અસર વૈશ્વિક બજારોમાં પોઝિટિવ જોવા મળી હતી.

### રૂપિયામાં વધુ ત્રણ પૈસા સુધર્યા

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 24:** કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો વધુ સુધર્યો હતો. શેરબજારમાં પોઝિટિવ ચાલની અસર રૂપિયામાં જોવા મળી હતી. આજે ડોલરની સામે રૂપિયો 3 પૈસા સુધરીને 82.32ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેસનમાં ડોલરની સામે રૂપિયો 83.35ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 89.08, પાઉન્ડ 103.60, કેનેડિયન ડોલર 60.87, ઓસ્ટ્રેલિયન ડોલર 54.21, જાપાનીઝ યેન 0.5378 અને સીંગાપોર ડોલર 61.22ના સ્તરે બંધ રહ્યા હતા.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 114.49 | 73852.94 |
| નિફ્ટી | 34.40 | 22402.40 |
| બેન્ક નિફ્ટી | 218.55 | 48189.00 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| હિન્દાલ્કો | 3.97 | 636.10 |
| સીપલા | 3.82 | 1398.20 |
| જેએસડબલ્યુ સ્ટીલ | 3.68 | 882.70 |
| તાતા સ્ટીલ | 2.73 | 165.55 |
| પાવરગ્રીડ | 1.77 | 290.40 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| તાતા કન્ઝયુમર | 5.39 | 1110.15 |
| ગ્રાસીમ | 1.37 | 2337.75 |
| ટેક મહિન્દ્રા | 1.21 | 1185.70 |
| એચડીએફસી લાઇફ | 1.16 | 594.20 |
| ટીસીએસ | 1.13 | 3831.05 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| જેએસડબલ્યુ સ્ટીલ | 3.72 | 883.00 |
| તાતા સ્ટીલ | 2.73 | 165.50 |
| પાવરગ્રીડ | 1.75 | 290.00 |
| કોટક બેન્ક | 1.64 | 1843.05 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 1.48 | 9672.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટેક મહિન્દ્રા | 1.17 | 1186.10 |
| ટીસીએસ | 1.11 | 3831.25 |
| મારૂત સુઝુકી | 0.72 | 12900.00 |
| ઇન્ફોસીસ | 0.68 | 1431.85 |
| રિલાયન્સ | 0.61 | 2900.60 |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૭૪૪૩૦ |
| તેજાબી સોનું | ૭૪૩૪૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૭૦૭૧૦ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૭૨૯૪૦ |
| સોનાનાં બિસ્કીટ | ૭૪૪૩૦૦ |
| ચાંદી (૯૯૯) | ૮૩૨૫૦ |
| ચાંદી સિક્કા | ૮૪૭૫૦ |

# જિઓ ડેટા વપરાશમાં વિશ્વનું સૌથી મોટું મોબાઇલ ઓપરેટર બન્યું

**ચાઇના** મોબાઇલને પાછળ છોડ્યો, દેશના વપરાશકર્તાઓએ ચોથા ત્રિમાસિક ગાળામાં 40.9 ડેટાનો ઉપયોગ કર્યો હતો

નવી દિલ્હી, તા. 24: ટેલિકોમ કંપની રિલાયન્સ જિયો ડેટા વપરાશના મામલે સૌથી મોટી મોબાઈલ ઓપરેટર કંપની બની ગઈ છે. જિયોએ ચાઈના મોબાઈલને પાછળ છોડીને આ સ્થાન મેળવ્યું છે. વૈશ્વિક વિશ્લેષણાત્મક કંપની ટેકફિસિયન્ટના અહેવાલ અનુસાર, જાન્યુઆરી-માર્ચના ત્રિમાસિક ગાળા દરમિયાન જિયો નેટવર્ક પર ડેટાનો કુલ વપરાશ 40.9 એક્ઝાબાઈટ સુધી પહોંચી ગયો હતો, જ્યારે ચાઈના મોબાઈલનો 38 એક્ઝાબાઈટ રહ્યો હતો.કંપનીએ કહ્યું છે કે વૈશ્વિક સ્તરે 108 મિલિયન ગ્રાહકો સાથે જિયો બીજી ટેલિકોમ કંપની છે, જેમાં સૌથી વધુ 5જી ગ્રાહકો છે.5જી યુઝર્સ હવે જિયોના કુલ વાયરલેસ ડેટા ટ્રાફિકના 28 ટકાથી વધુનો વપરાશ કરી રહ્યા છે.

જિયોએ કહ્યું કે તેની ફિક્સ્ડ વાયરલેસ હોમ બ્રોડબેન્ડ ઓફર એર ફાઈબરની 5,900 શહેરોમાં સારી ડિમાન્ડ જોવા મળી છે. એર ફાઈબરના ગ્રાહકોનો દૈનિક ડેટા વપરાશ 13 ગીગાબાઈટ છે, જે જિયો ફાઈબરના ગ્રાહકો કરતા 30 ટકા વધારે છે.

જિયોનો એક યુઝર દર મહિને સરેરાશ 28.7 જીબી ડેટાનો ઉપયોગ કરી રહ્યો છે, નાણાકીય વર્ષ 2024ના અંત સુધીમાં, જિયોએ તેના કુલ ગ્રાહકોની સંખ્યા 449 મિલિયનથી વધારીને 482 મિલિયન કરી દીધી છે.

તે જ સમયે, એક જિયો યુઝર દર મહિને સરેરાશ 28.7 જીબી ડેટાનો ઉપયોગ કરી રહ્યો છે. આ સિવાય એરટેલે આ જ નાણાકીય વર્ષ દરમિયાન તેના યુઝર બેઝને 339 મિલિયનથી વધારીને 350 મિલિયન (અંદાજિત) કરી દીધો છે.

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૨૦૦ |
| એમ-૩૦ | ૪૧૫૦ |
| એસ-૩૦ | ૪૧૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૦૫૦ |
| એસ-૩૦ | ૪૦૦૦ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૫૦ | કોપરેલ | ૨૮૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૫૦ | વનસ્પતિ ઘી | ૧૮૮૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૮૦ | સનફલાવર | ૧૬૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૧૮૮૦ | તલતેલ | ૬૪૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૧૭૫૦ | દિવેલ | ૨૨૫૦ |
| કપાસીયા (૫ લિ.) | ૬૫૦ | મકાઇ તેલ | ૧૯૫૦ |
| સરસીયું તેલ | ૨૧૦૦ | | |

### યાર્ન બજાર

જીએસટી સાથેના ભાવ સુરત નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ ૨૫૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન રૂા.** | | ૭૫/૩૬ ’’ | ૧૨૪ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૭૯.૭૫ | ૫૦/૩૬ ’’ | ૧૩૩ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૨ |
| ૩૦/૩૬ એફડી | ૨૯૬.૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૬૮ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૩૬ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૩૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૦ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૭૫ |
| ૬૮/૩૬ | ૧૩૩ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૩૧ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૨ | ૧૦૦ ટેક્ષ | ૧૨૯ | ૬૮ ક્રિમ્પ | ૧૩૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૬ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૨૮ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૨૭ | ૮૦/૭૨ રોટો | ૧૩૨ | ૭૫ ક્રિમ્પ | ૧૨૭ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૮૫ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૪ | ૮૦ ક્રિમ્પ | ૧૨૪ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૧ | ૧૬૦ ડીસ્કેટ | ૧૫૦ | ૮૦/૭૨ રોટો | ૧૩૧ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૨ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૨ | ૮૦/૧૦૮ ’’ | ૧૩૯ | ૩૦/૩૬ એફડી | --- |

# એપ્રિલ સિરીઝ સમાપ્ત થવાની છે એટલે અમુક શેરમાં શોર્ટ કવરીંગ જોવા મળી શકે

**સ્ક્રીપ સ્કેન**
**સુનિલ બહેકી**

**નિફ્ટી ફ્યુચરઃ છેલ્લો બંધ 22414.75.** ટેક્નીકલી આમા રોકાણ ચાલુ રાખી શકાય સ્ટોપ લોસ 22250, અપર ટાર્ગેટ 22550, જો તેને વટાવશે તો 22680 સુધી જવાની શક્યતા છે!

**કોટક બેન્કઃ છેલ્લો બંધ 1841.10.** તમે સ્ટોપ લોસને રીવાઈઝ કરી રૂ. 1818 કરી વધારાનો લાભ લઈ શકો છો જે રૂ. 1866, રૂ. 1885 સુધી જશે!

**લાર્સનઃ છેલ્લો બંધ 3630.70.** તમામ ટેક્નીકલ સૂચકો ફરીથી હકારાત્મક થયા છે, આજથી શેરમાં વધારો થવાનું શરૂ થાય તેવી અપેક્ષા છે! શેર વર્તમાન કિંમતથી વધીને રૂ. 3691, રૂ. 3740, રૂ. 3800 સુધી જશે! સ્ટોપ લોસ રૂ. 3588 રાખવો.

**દિપક નાઈટ્રીટઃ છેલ્લો બંધ 2400.80.** સ્ટોપ લોસ રૂ. 2365 રાખવો અપર ટાર્ગેટ રૂ. 2481, શેર આવનારા દિવસોમાં ઝડપથી રૂ. 2550 સુધી જશે.

**કોનકોર્પઃ છેલ્લો બંધ 971.45.** શેર ટૂંક સમયમાં રૂ. 988 અને અંતે રૂ. 1002 સુધી જશે. સ્ટોપ લોસ રૂ. 957 રાખી રોકાણ કરી રાખવું.

**જિન્દલ સ્ટીલઃ છેલ્લો બંધ 937,** મધ્યમ ગાળામાં આ શેરમાં સારા પૈસા કમાવી શકાશે. સ્ટોપ લોસ રૂ. 918 રાખી ખરીદી કરવી, અપર ટાર્ગેટ રૂ. 959, જો તેને વટાવશે તો રૂ. 975 સુધી જશે.

**જીએનએફસીઃ છેલ્લો બંધ 712.20.** શોર્ટ ટર્મ ટ્રેડર્સ માટે આ શ્રેષ્ઠ શેર છે. શેરમાં ઉપર જવાનું વલણ છે અને તે રૂ. 727, રૂ. 740 સુધી જાય તેવી શક્યતા છે. સ્ટોપ લોસ રૂ. 699 રાખી ખરીદી કરવી.

**ભારત ફોર્જઃ છેલ્લો બંધ 1223.95.** અત્યારે શેર બહુ સારો દેખાઈ રહ્યો છે. ઘટાડા પર ખરીદી કરવી, સ્ટોપ લોસ રૂ. 1208 રાખવો, અપર ટાર્ગેટ રૂ. 1241, જો તેને વટાવશે તો રૂ. 1260 સુધી જશે.

**એનએમડીસીઃ છેલ્લો બંધ 248.10.** તીવ્ર ઉછાળો જોવા મળી શકે છે જેનો લાભ શોર્ટ ટર્મ ટ્રેડર્સ લઈ શકે છે. આજની ટ્રેડીંગ માટે નીચલી સપાટી પર ખરીદી કરવી સ્ટોપ લોસ રૂ. 241 રાખવો. ઉપરની તરફ શેર વધીને રૂ. 257 સુધી જઈ શકે છે, જો તેને વટાવશે તો રૂ. 264 સુધી જશે.

**ગેલઃ છેલ્લો બંધ 207.55.** ટેક્નીકલ અને ચાર્ટ સૂચન કરે છે કે શેરમાં ભારે વધારો જોવા મળશે. ઓપનિંગ બેલ પર શેર ઝડપી લેવો અને તમે શેરને ઈન્ટ્રાડે ટ્રેડીંગ દરમિયાન રૂ. 212ના ઈન્ટ્રાડે ટાર્ગેટને સ્પર્શશે, જો તેને વટાવશે તો રૂ. 217 સુધી જશે! સ્ટોપ લોસ રૂ. 202 રાખી શેર રાખી મૂકવા.

**એચડીએફસી બેન્કઃ છેલ્લો બંધ 1512.95.** ટેક્નીકલ સૂચકો સૂચવે છે કે શેરમાં વિસ્ફોટ થવાનો છે! શેર વર્તમાન કિંમતથી વધીને ઈન્ટ્રાડેમાં રૂ. 1527, રૂ. 1540 સુધી જશે. સ્ટોપ લોસ રૂ. 1500 રાખવો.

**નોંધઃ** ભલામણો ટેક્નીકલ વિશ્લેષણો પર આધારીત છે. ટ્રેડીંગમાં નુકસાનનું જોખમ છે.

# કોટક મહિન્દ્રા બેન્ક નવા ક્રેડિટ કાર્ડ ઇસ્યુ કરવાની સામે આરબીઆઇનો પ્રતિબંધ

**બેન્કને** ઓનલાઇન તથા મોબાઇલ બેન્કીગ ચેનલો દ્વારા નવા ગ્રાહકો ઉમેરવા સામે પણ પ્રતિબંધ ફરમાવ્યો

મુંબઇ, તા. 24: ભારતીય રિઝર્વ બેંકે બુધવારે કોટક મહિન્દ્રા બેંકને નિર્દેશ આપ્યો છે કે તેઓ તાત્કાલિક અસરથી નવા ક્રેડિટ કાર્ડ આપવાનું બંધ કરે. આ સાથે ઓનલાઈન અને મોબાઈલ બેન્કિંગ ચેનલો દ્વારા નવા ગ્રાહકો ઉમેરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

બેંક પર આ નિયંત્રણો લાદવાનું કારણ જણાવતા આરબીઆઈએ કહ્યું કે 2022થી 2023ની વચ્ચે, તેણે પૂરતા પ્રમાણમાં આઈટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ન હોવા અંગે બેંક સમક્ષ તેની ચિંતાઓ વ્યક્ત કરી હતી, પરંતુ બેંક સતત આ ખામીઓને દૂર કરવામાં નિષ્ફળ રહી છે. બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ 1949ની કલમ 35એ હેઠળ આરબીઆઈએ પોતાની સત્તાનો ઉપયોગ કરીને કોટક મહિન્દ્રા બેંક વિરૂદ્ધ આ કાર્યવાહી કરી છે. જો કે, જે લોકો પહેલાથી જ બેંકના ગ્રાહક છે, તેમને પહેલાની જેમ જ તમામ સેવાઓ મળતી રહેશે.

કોટક મહિન્દ્રા બેન્કની વેબસાઈટ અનુસાર દેશભરમાં તેની 1780થી વધુ શાખાઓ છે અને 41.2 મિલિયન ગ્રાહકો છે. 49 લાખથી વધુ લોકો બેંકના ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરી રહ્યા છે. 28 લાખથી વધુ ડેબિટ કાર્ડ એક્ટિવ છે. બેંકમાં 1 લાખથી વધુ કર્મચારીઓ કામ કરે છે. 3.61 લાખ કરોડથી વધુ રકમ બેન્કમાં જમા છે.

આરબીઆઈએ જણાવ્યું હતું કે તેને બેંકના આઈટી ઈન્વેન્ટરી મેનેજમેન્ટ, પેચ અને ચેન્જ મેનેજમેન્ટ, યુઝર એક્સેસ મેનેજમેન્ટ, વેન્ડર રિસ્ક મેનેજમેન્ટ, ડેટા સિક્યુરિટી અને ડેટા લીક નિવારણ વ્યૂહરચના જેવા ક્ષેત્રોમાં ગંભીર ખામીઓ જોવા મળી છે. સતત બે વર્ષ સુધી આ સ્થિતિ જોવા મળી, પરંતુ બેંક કોઇ નક્કર પગલાં લઈ શકી નહીં.

બેંકની કોર બેન્કિંગ સિસ્ટમ (સીબીએસ) અને તેની ઓનલાઈન અને ડિજિટલ બેન્કિંગ ચેનલોમાં મજબૂત આઈટી ઈન્ફ્રાસ્ટ્રક્ચરના અભાવને કારણે છેલ્લા બે વર્ષમાં વારંવાર આઉટેજ જોવા મળ્યું હતું.